જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/ -૧૯૦૨૫


જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com


તા. ૨૬/૦૯/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તરફ
જિ-સુરત

આ સાથે સામેલ મેં,સચિવશ્રી,જીસીઈઆરટી ગાંધીનગરના પત્ર ક્રમાંક/તાલીમ/૨૦૨૨-૨૩/૨૬૧૩૩-૨૬૨૪૮ તા.૨૦/૦૯/૨૦૨૨ અન્વયે શાળા નેતૃત્વ કોર્સ બાબતે જાણ તથા અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

૧૩૮

મન્વમેવ જયતે

સચિવ

ક્રમાંકઃજીસીઇઆરટી/તાલીમ/૨૦૨૨-૨૩/૨૫૯૩૩-૨૫૨૪૮

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,

'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર

Email: gcerttraining@gmail.com

તારીખઃ૧૯-૦૯-૨૦૨૨
૨૦

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારી શ્રી તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ- શાળા નેતૃત્વ ઓનલાઇન કોર્સ બાબત**

શ્રીમાન,

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં શાળાના આચાર્યો અને શાળા સંકુલ પ્રમુખો માટે નેતૃત્વ અને સંચાલન કૌશલ્યને અભિવૃધ્ધ કરવા માટે વિવિધ વર્કશોપ, તાલીમ અને ઓનલાઇન કાર્યક્રમો વિકસાવવાની ભલામણ કરેલ છે. આ કાર્યક્રમ દ્વારા શાળાના આચાર્યોમાં નેતૃત્વ અને વ્યવસ્થાપન કૌશલ્યમાં સુધારો કરી શકાશે તેવી અપેક્ષા છે.

The National Institute of Educational Planning and Administration (NIEPA)ખાતે 2012 માં સ્થપાયેલ National Centre for School Leadership (NCSL) દેશની શાળાઓમાં પરિવર્તન લાવવા કટિબધ્ધ છે. શાળાઓમાં પરિવર્તન લાવવાના ઉદ્દેશ્ય સાથે NIEPA-NCSL અને GCERT ના સંયુક્ત ઉપક્રમે શાળા નેતૃત્વની આવશ્યકતા અને શાળાના પ્રશ્નોને ધ્યાને રાખી વર્કશોપ, તાલીમ અને ઓનલાઇન કોર્સનું આયોજન થઇ રહ્યું છે.

જે પૈકી NCSL દ્વારા શાળાના આચાર્યો માટે શાળા નેતૃત્વનો ઓનલાઇન કોર્સ શરૂ કરવામાં આવેલ છે. જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના મુખ્ય શિક્ષકો/ આચાર્યો આ ઓનલાઇન કોર્સમાં જોડાય તો તેઓના નેતૃત્વ અને સંચાલન કૌશલ્યને અભિવૃધ્ધ કરી શકાય તેમ છે. આં બાબતને ધ્યાને લઇ આપના જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના મુખ્ય શિક્ષકો/ આચાર્યો આં ઓનલાઇન કોર્સમાં જોડાય તે માટે જરૂરી સૂચના પ્રસારિત કરવા આથી જણાવવામાં આવે છે.

કોર્સનું નામઃ Online Programme on School Leadership and Management

કોર્સની લિંક : http://pslm.niepa.ac.in/ જેમાં **Online PSLM** ટેબ પર કલીક કરી કોર્સમાં જોડાઇ શકાશે. કોર્સમાં જોડાતાં પૂર્વે PSLM પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

આ કોડને સ્કેન કરી ગૂગલફોર્મમાં મુખ્ય શિક્ષકો/ આચાર્યો વિગત ભરવાની રહેશે.

(વી.આર.ગોસાઇ)
સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

નકલ રવાનાઃ પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ